ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૨૨૯-૬૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૧/૦૮/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજય.

વિષય:-CBSE માંથી ધોરણ-૧૦ માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ (વિ.પ્ર)માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ:- ૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૦૮૩-૨૧૧૬, તા.૧૧/૦૮/૨૦૨૦
૨) ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની શૈક્ષણિક સમિતિનો ઠરાવ ક્રમાંક:૦૮/૨૦૨૦, તા.૨૦/૦૮/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે CBSEમાં ધોરણ-૧૦માં વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં Mathematics Basic અને Mathematics Standard એવા બે વિકલ્પો આપવામાં આવે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં હાલમાં ધોરણ-૧૦માં ગણિત વિષયમાં Mathematics Basic અને Mathematics Standard જેવા કોઈ વિકલ્પ વિદ્યાર્થીઓને આપવામાં આવતા નથી.

સંદર્ભ-(૧) દર્શિત અત્રેના પત્રથી જણાવવામાં આવેલ છે કે CBSE માંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ (વિ.પ્ર)માં પ્રવેશ આપી શકાય નહિ.

ઉક્ત બાબત અંગે પુનઃ વિચારણા કરવા માટે વાલીઓ તરફથી મળેલ રજૂઆત અન્વયે તા.૨૦/૦૮/૨૦૨૦ના રોજ ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડની શૈક્ષણિક સમિતિની બેઠકમાં વિશદ્ વિચારણાને અંતે ઠરાવ ક્રમાંક:૦૮/૨૦૨૦ અન્વયે નિર્ણય કરવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓએ CBSE બોર્ડમાંથી ધોરણ-૧૦માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ પૂરતું જ ધોરણ-૧૧ (વિ.પ્ર.)માં માત્ર 'B' ગૃપમાં પ્રવેશ મેળવી શકશે.

ઉક્ત બાબતે આપના જિલ્લાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને યોગ્ય કાર્યવાહી માટે જાણ કરશો.

સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

E:\HK-\CBSE બેઝિક મેથ્સને બી ગ્રુપમાં પ્રવેશ.docx

Scanned with CamScanner